# શ્રીકૃષ્ણારવિંદ

(સિદ્ધિદિન : ૨૪ નવેમ્બર, ૧૯૨૬)





કમલેશ માંડવિયા 'શ્યામ'

# શ્રીકૃષ્ણારવિંદ

## સિદ્ધિદિન : ૨૪ નવેમ્બર, ૧૯૨૬

## (શ્રી અરવિંદના પૂર્ણયોગમાં શ્રીકૃષ્ણનો સંબંધ અને સહાય)

કમલેશમાંડવિયા‘શ્યામ’

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન

**મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર**

259, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ
ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, રાજકોટ - 360 005

SHREE-KRISHNARVIND
By : KAMLESH MANDAVIA 'SHYAM'
Published by : Ma Sri Arvind Sadhana Kendra - Rajkot

પ્રકાશક :
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર
259, વૃંદાવન સોસાયટી
કાલાવડ રોડ, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ પાસે
રાજકોટ. M. 94272 22415

લેખક :
કમલેશ માંડવિયા 'શ્યામ'
'અનિકેત'
1, પ્રકાશ સોસાયટી
નિર્મલા કૉન્વેન્ટ સ્કૂલ સામે
રાજકોટ - *360 007.*
મો. 98240 97869

© લેખકના

પ્રથમ આવૃત્તિ : 2017

પ્રત : 500500

કમ્પ્યૂટરટાઇપસેટિંગઃ
અશ્વિન જે. વઘાસિયા
M. : 9979995555

ISBN : 978-81-931151-2-1

કિંમતઃરૂ. 30/-

મુદ્રક :
લા-મેર પ્રિન્ટરિ, રાજકોટ
રાજકોટ
(આ પુસ્તકમાંની વિગતો, સંદર્ભો, બાબતો પર શ્રી અરવિંદ આશ્રમ : પૉંડિચેરીનો અગ્રહક્ક છે.)

નીચેની વેબસાઈટ ઉપર આપને અમારાં પ્રકાશનો વિનામૂલ્યે જોવા મળશે :
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

લેખકનાં મંતવ્યો તેનાં પોતાનાં છે. કાયદાકીય વિવાદનું ન્યાયક્ષેત્ર રાજકોટ ન્યાયાલય રહેશે.

# અર્પણ



અનેકજન્મોપછીમળ્યાં,દિવ્યમાતા-પિતાતમ,
કરી આ જીવ પર અનંત કૃપા, કેમ કરી ચૂકવું ઋણ ?
આ ફૂલ-પાંદડી ને આત્મા કેરો દિવ્યાનંદ, અર્પણ તવ ચરણે,
હે મા ! હે પરમ પિતા ! વરસાવો કૃપા,
સ્વીકારો આ બાળકની કાલી-ઘેલી પ્રાર્થના,
તવ દિવ્ય કાર્યમાં રત રહું અખંડ ને અનંત !

- લેખક

# પ્રસ્તાવના

પ્રિયવાચક,

સવિનય વંદન.

શ્રી મા અને શ્રી અરવિંદની અનંત કૃપાથી આ મારું પ્રથમ પુસ્તક આપ સૌના હાથમાં મૂકતાં અનેરો આનંદ અને એક પ્રકારની દિવ્ય ભાવના થાય છે. જે પ્રસાદ મને દિવ્ય માતાપિતાએ આપ્યો એ સૌકોઈને પણ પુસ્તકરૂપે મળી રહ્યો છે.

24મી નવેમ્બર 'સિદ્ધિદિન' તરીકે ઊજવાય છે, પરંતુ તેનું સાચેસાચું આધ્યાત્મિક મહત્ત્વ શું તે બાબતે સંક્ષેપમાં આ પુસ્તિકામાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ ઉપરાંત પણ ઘણીબધી ઘટનાઓ છે જ, જે શ્રી અરવિંદને શ્રીકૃષ્ણ સાથે એકરૂપ કરે છે. મહત્ત્વની અનુભૂતિઓ જ આ પુસ્તિકામાં વણી લેવામાં આવી છે. મૂળ સંદર્ભનાં ચાવીરૂપ વાક્યોના શબ્દશઃ ભાષાંતરને બદલે ભાવાનુવાદ કરી સિદ્ધિદિનનું આધ્યાત્મિક અને પૂર્ણયોગમાં મહત્ત્વ સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

'સિદ્ધિદિન' પહેલાં અને તે પછી પણ શ્રી માતાજી શ્રીકૃષ્ણ સાથે દિવ્ય રીતે જોડાયેલાં હતાં તેના પણ અનેક સંદર્ભો છે. તેમાંની મહત્ત્વની અને શ્રીકૃષ્ણના જ વ્યક્તિત્વને અનુરૂપ શબ્દોમાં કહીએ તો 'મધુર અને મીઠી' વાતો મને વધુ સ્પર્શી છે. શ્રી માતાજી પણ શ્રીકૃષ્ણ સાથે કેવાં તો દિવ્ય રીતે જોડાયેલાં હતાં ! આ દિવ્ય સંબંધ ખરેખર હૃદયસ્પર્શી તો છે જ, સાથેસાથે શ્રી માએ બતાવ્યું છે કે દેવો સાથે પણ માનવ કઈ રીતે સહજ અને પ્રેમભર્યો સંબંધ રાખી શકે છે. આ પાસું પણ સાધનામાં ઉપયોગી અને અનિવાર્ય છે.

સિદ્ધિદિનનું આધ્યાત્મિક સત્ય જાણવું હોય તો શ્રી અરવિંદને અલીપોર જેલમાં જે કોઈ અનુભૂતિઓ અને સાક્ષાત્કારો થયેલાં ત્યાંથી માંડીને 24મી નવેમ્બર 1926 સુધી સુસંગત રીતે સળંગ જોવાં જરૂરી છે. એક નાનકડી પુસ્તિકામાં આ શૃંખલા સમાવવી શક્ય નથી, તેથી મહત્ત્વની ચાવીરૂપ અનુભૂતિઓનો જ સમાવેશ કરેલો છે. સિદ્ધિદિન પછી પણ શ્રી માતાજી અને શ્રી અરવિંદે જે કોઈ મહત્ત્વનાં વિધાનો કર્યાં છે તેનો પણ મહત્ત્વનો ભાગ લીધેલો છે.

જે કોઈ શ્રી અરવિંદના પૂર્ણયોગમાં આવી ગયેલા છે અને 'અધિમનસના દેવો' બાબતે શંકા અથવા તો ગડમથલ અનુભવે છે તેમ જ જે કોઈ પરંપરાગત રીતે સાધના કરી રહ્યા છે અને બહારથી જ 'પૂર્ણયોગ'ને જુએ છે અને તેમાં આગળ વધવાનું વિચારે છે તે બન્ને પ્રકારના સાધકોને આ પુસ્તિકા અચૂક રીતે ઉપયોગી થશે એવું મારું વ્યક્તિગત રીતે માનવું છે અને તેની શ્રી માતાજીએ મને ખાતરી પણ આપેલ છે.

મૂળ તો આ પુસ્તિકા 24મી નવેમ્બર, 2016ના રોજ રાજકોટ કેન્દ્રમાં 'સિદ્ધિદિન'ના પ્રસંગે મે જે સત્સંગ કરેલો તેનું જ પુસ્તક-સ્વરૂપ છે. આ સત્સંગની CD પણ કેન્દ્રમાં ઉપલબ્ધ છે.

આ પુસ્તિકા આપ સૌના હાથમાં પહોંચાડવામાં અનેકનો ફાળો છે. પ્રથમ તો શ્રી માનસિંહભાઈ ચાવડા, તેમનો શ્રી માના દિવ્ય પ્રકાશમાં વિનમ્રતાથી આભાર વ્યક્ત કરું છું.

આ પુસ્તિકાને 'ભૌતિક' ઘાટ આપવા માટે રાજકોટ કેન્દ્રના મારા સન્મિત્ર શ્રી લલિતભાઈને તો કેવી રીતે ભૂલી શકાય ? પ્રિન્ટિંગ-કાર્યમાં તેમની નિઃસ્વાર્થ સેવા સરાહનીય છે. તેમનો પણ આભારી છું, તેમ જ પ્રિન્ટિંગ કરનાર જરિયા સપ્લાયર્સ અને ટાઇપ-સેટિંગ કરનાર શ્રી અશ્વિનભાઈ તથા પ્રૂફરીડિંગ કરી આપનાર મુરબ્બીશ્રી નટુભાઈ રાજપરાસાહેબનો પણ આભારી છું. રાજકોટ કેન્દ્રના ટ્રસ્ટીઓ પણ આ કાર્યમાં અગ્રભાગે આવીને સહાયક બન્યા છે તેમનો પણ કૃતજ્ઞ છું. આ પુસ્તકમાંનાં અવતરણો શ્રી અરવિંદ આશ્રમે પ્રકાશિત કરેલાં ગ્રંથો-સાહિત્ય, સત્પ્રેમના 'Agenda' તેમ જ Internet પરથી મૂળ સાહિત્યના સંદર્ભોનું સંકલન કરીને લીધેલાં છે. આ સર્વેનો પણ આ તકે આભાર માનું છું અને પ્રાર્થું છું કે આ પ્રકારનું મૂળ સાહિત્ય જ્યાં પણ શ્રીમા

અને શ્રી અરવિંદના કાર્યમાં ઉપયોગી હશે ત્યાં-ત્યાં તેમનાં સહકાર અને મદદ હંમેશાં મળતાં રહેશે. આ પુસ્તિકાનો હેતુ ફક્ત અને ફક્ત સાધનાલક્ષી છે. તેમાં નફાના હેતુને તો અવકાશ જ નથી.

આશા છે, સૌ વાચકો આ પુસ્તિકામાં જે શ્રીકૃષ્ણારવિંદનું 'નવનીત' છે તેને આધ્યાત્મિક રીતે લૂંટે અને તે દ્વારા સાધનામાં અહર્નિશ પ્રગતિ કરે તે જ શ્રી મા-શ્રી અરવિંદ-શ્રીકૃષ્ણને પ્રાર્થના !

નૂતન વર્ષના પ્રથમ દિવસે મારું આ સૌપ્રથમ પુસ્તક શ્રી મા-શ્રી અરવિંદનાં ચરણકમળમાં અર્પણ કરું છું.

રાજકોટ

*01-01-2017*

દિવ્ય માતાપિતાનાં ચરણે

***- કમલેશ માંડવિયા 'શ્યામ'***

*'અનિકેત'*
*1, પ્રકાશ સોસાયટી*
*નિર્મલા કૉન્વેન્ટ સ્કૂલ સામે*
*રાજકોટ - 360 007.*
*મો. 98240 97869*

# સાધનાની ચાવી

You have only to aspire, to keep yourself open to the Mother, to reject all that is contrary to her will and to let her work in you - doing also all your work for her and in the faith that it is through her force that you can do it. If you remain open in this way, the knowledge and realisation will come to you in due course.

(Sri Aurobindo, SABCL, Vol. 25, Pg. 122)

તમારે ફક્ત અભીપ્સા જ કરવાની છે. શ્રી માતાજી પ્રત્યે તમારી જાતને ખુલ્લી રાખો. તેના સંકલ્પ વિરુદ્ધની સર્વ વસ્તુઓનો પરિત્યાગ કરો અને શ્રી માતાજીને તમારામાં કાર્ય કરવા દો - તમે જે કંઇ કાર્ય કરતા હો તે શ્રી માતાજીને માટે જ કરો અને તેની શક્તિ દ્વારા જ તમે કાર્ય કરી શકો છો તેવી શ્રદ્ધામાં રહો. જો તમે આ રીતે ખુલ્લાં રહેશો તો, સમય આવ્યે જ્ઞાન અને સાક્ષાત્કાર તમને મળી આવશે.

- શ્રી અરવિંદ

# ✧ અ-નુ-ક્ર-મ ✧

## શ્રીકૃષ્ણારવિંદ

## સિદ્ધિદિન : 24 નવેમ્બર, 1926

## (શ્રી અરવિંદના પૂર્ણયોગમાં શ્રીકૃષ્ણનો સમન્વય)


1. Events in Alipore Jail / 11
   અલીપોર જેલ દરમિયાનની ઘટનાઓ
2. Experience of *Narayan-Chetna* / 12
   વાસુદેવ ચેતનાની અનુભૂતિ
3. "Preliminary or Preparatory" Work / 14
   સાધનાનો પ્રાથમિક અને તૈયારીરૂપ તબક્કો
4. Why Pondicherry ? / 15
   પૉંડીચેરી શા માટે ?
5. Mother Joined the Ashrama / 17
   શ્રી માતાજીનું આગમન
6. *Sri Aurobindo*'s Silent Help Before This Descent / 17
   શ્રી અરવિંદની શાંત અને સઘન મદદ
7. Feeling of Descent of Higher Consciousness / 18
   ઊર્ધ્વ ચેતનાના અવતરણના અનુભવો
8. Mother Asked All Disciples to Assemble / 20
   શ્રી માતાજીનું કહેણ
9. Deep Silence in the Atmosphere / 21
   વાતાવરણમાં ગહન શાંતિ
10. Expectation Rose in a Flood / 22
    ઇંતેજારીનાં ઘોડાપૂર આવ્યાં
11. Blessings by the Mother and *Sri Aurobindo* / 23
    શ્રી મા અને શ્રી અરવિંદના આશીર્વાદ
12. Datta's Inspiration / 24
    સાધિકા દત્તાની આંતર-પ્રેરણા

13. *Krishna* : Guide of Integral Yoga / 25
શ્રીકૃષ્ણ : પૂર્ણયોગના માર્ગદર્શક

14. What is the Significance of 24th Nov. / 25
24 નવેમ્બરનું મહત્ત્વ શું ?

15. Mother's Work During 1926 / 27
1926માં શ્રી માતાજીનું કાર્ય

16. The Facts of Realisation of 1926 / 27
1926ના સાક્ષાત્કારની વાસ્તવિકતા

17. Important for the Creation / 29
સૃષ્ટિ માટેનું મહત્ત્વ

18. Mother's Experience on 24th Nov 1926 / 30
24મી નવેમ્બરે શ્રી માતાજીની અનુભૂતિ

19. *Sri Aurobindo*'s Experience / 31
શ્રી અરવિંદની અનુભૂતિ

20. *Krishna* is Preparing for the Descent of Supermind / 33
અતિમનસના અવતરણની તૈયારી

21. *Krishna* : Not Incompatible With This Yoga / 35
શ્રીકૃષ્ણ : પૂર્ણયોગને પૂરેપૂરા અનુરૂપ

22. *Sri Aurobindo*'s Light : Whitish Blue / 36
શ્રી અરવિંદનો પ્રકાશ : સફેદ ઝાંયવાળો બ્લૂ

23. *Sri Krishna* and *Sri Aurobindo* / 37
શ્રીકૃષ્ણ અને શ્રી અરવિંદ

24. Mother's Relations With *Krishna* / 38
શ્રી માતાજી અને શ્રીકૃષ્ણનો દિવ્ય સંબંધ

25. *Krishna* On 1st Anniversary of Supramental Manifestation / 39
અતિમનસ-આવિર્ભાવની પ્રથમ વર્ષગાંઠ

# શ્રીકૃષ્ણારવિંદ

(૨૪નવેમ્બર,૧૯૨૬,સિદ્ધિદિન)

કમલેશ માંડવિયા 'શ્યામ'

# 1

## Events in Alipore Jail
## (અલીપોર જેલ દરમિયાનની ઘટનાઓ)

Adaypassedandaseconddayandathird,whena voice came to me from within, *"Wait and see."*

Then He placed the *Gita* in my hands. His strength entered into me and I was able to do the *Sadhana* of the *Gita.*

I realised what the Hindu religion meant. We speak often of the Hindu religion, of the *Sanatan Dharma*... but the *'Sanatan Dharma'* is life itself; it is a thing that has not so much to be believed as lived.

– *Uttarpara Speech*, Date : 30-5-1909

ઈ. સ. 1908 દરમિયાન શ્રી અરવિંદની ધરપકડ કરવામાં આવી અને તેમને ખોટા બૉમ્બ-કેસમાં જેલમાં ધકેલી દેવામાં આવ્યા. પ્રથમ તો શ્રી અરવિંદને લાલબજાર જેલમાં રાખવામાં આવ્યા. તે દરમિયાન ત્રીજા દિવસે શ્રી અરવિંદને અંતરમાં એક અવાજ સંભળાય છે : "રાહ જો અને જોતો રહે."

પછી તેમને અલીપોર જેલમાં ખસેડવામાં આવ્યા. ત્યાં શ્રીકૃષ્ણે તેમના હાથમાં ગીતા મૂકી અને શ્રીકૃષ્ણચેતના અને તેમની શક્તિઓએ શ્રી અરવિંદમાં

પ્રવેશ કર્યો. એક શક્તિનો પ્રવાહ શ્રી અરવિંદમાં ઊતરી આવ્યો. તે કારણે શ્રી અરવિંદ ‘ગીતા’માં જણાવેલ સાધના કરવા સક્ષમ બન્યા અને તે પ્રકારે સાધના સ્વાભાવિક રીતે જ કરવા લાગ્યા.

‘24 નવેમ્બર, 1926ની સિદ્ધિ દિન’ની ઘટના બની તેના પહેલાં અનેક વર્ષો સુધી શ્રીકૃષ્ણ સાધનામાર્ગે શ્રી અરવિંદને દોરી રહ્યા હતા. ઉપરની ઘટના તો તેની માત્ર શરૂઆત હતી.

❑

# 2

## Experience of *Narayan-Chetna* (વાસુદેવ-ચેતનાની અનુભૂતિ)

‘‘Soitwasarranged,anditwaswhileIwaswalking that His strength again entered into me. I looked at the jail that secluded me from men and it was no longer by its high walls that I was imprisoned; no, it was *Vasudeva* who surrounded me. I walked under the branches of the tree in front of my cell, but it was not the tree, I knew it was *Vasudeva*, it was *Sri Krishna* whom I saw standing there and holding over me His shade. I looked at the bars of my cell, the very grating that did duty for a door and again I saw *Vasudeva*. It was *Narayana* who was guarding and standing sentry over me. Or I lay on the coarse blankets that were given me for a couch and felt the arms of *Sri Krishna* around me, the arms of my Friend and Lover.

– *Uttarpara Speech*, Date : 30-5-1909

✺

હવે શ્રી અરવિંદને અલીપોર જેલમાં એકાંતમાં કાળ-કોટડીમાં રાખવામાં આવ્યા. તે કોટડી ફક્ત 8 x 10 ફૂટની હતી. છેક ઉપરના ભાગે નાની બારી જેવું હતું. ચારે બાજુ ઘોર અંધકાર જ અંધકાર. શ્રી અરવિંદ અનેક રીતે આંતરિક રીતે પ્રભુને પૂછતા હતા, ‘‘આવું શા માટે ? મારે તો હજી ભારતને આઝાદ કરવાનું છે.’’ આ આંતર-ધ્વનિના પ્રત્યુત્તરરૂપે શ્રીકૃષ્ણે તેમના હાથમાં ‘ગીતા’ મૂકી અને સાથેસાથે તેમની શક્તિઓનું પણ અવતરણ કરાવ્યું. જાણે કે બધું શ્રીકૃષ્ણ જ ગોઠવતા ન હોય !

શ્રી અરવિંદને ખાતરી થઈ કે આ ઘટનાઓની પાછળ કોઈ દિવ્ય શક્તિ કાર્ય કરી રહી છે. અને અનેક અનુભૂતિઓની શરૂઆત થઈ. તેમાંની મહત્ત્વની અનુભૂતિ છે : ‘वासुदेवः सर्वमिति ।’ શ્રી અરવિંદને સર્વ જગ્યાએ વાસુદેવ શ્રીકૃષ્ણનાં દર્શન થવા લાગ્યાં. શ્રી અરવિંદ જુએ છે કે જ્યારે તેઓ ચાલતા હતા ત્યારે તેમનામાં ફરી એક વાર શ્રીકૃષ્ણની શક્તિઓએ પ્રવેશ કર્યો. આ નક્કર અને વાસ્તવિક અનુભવ હતો. શ્રી અરવિંદ જુએ છે કે જે જેલની ઊંચી-ઊંચી દીવાલો આ બાહ્ય જગતને તેમનાથી જુદી પાડતી હતી તે ફક્ત દીવાલો ન હતી, પરંતુ તે તો સાક્ષાત્ વાસુદેવ જ હતા, જે તેમને ઘેરી વળેલા.

જે વૃક્ષો હતાં તે તો જાણે કે શ્રીકૃષ્ણ જ ઊભાઊભા પોતાની છાયા શ્રી અરવિંદ પર ઢાળી રહ્યા હતા. જેલના સળિયા પાછળ જે કોઈ ચોકીદારો હતા તે પણ વાસુદેવ શ્રીકૃષ્ણ જ હતા ! એ તો નારાયણ સાક્ષાત્ તેમને ચોકી પહેરો દેતા હતા. જે ખરબચડા ધાબળા (બ્લૅન્કેટ) પર શ્રી અરવિંદ જ્યારે સૂતા ત્યારે જોતા અને અનુભવતા કે શ્રીકૃષ્ણ તેમના બાહુમાં જાણે તેમને સમાવી રહ્યા છે. ‘વસુ’ એટલે ‘અંદર પ્રવેશીને વસનારી’ અને ‘દેવ’ એટલે ‘પ્રકાશિત ચેતના’. ‘વસુદેવ’ એટલે સર્વમાં – જડ, ભૌતિક, શારીરિક – સારાય બ્રહ્માંડમાં ‘પ્રવેશીને વસનારી’ દિવ્ય ચેતના. આ અનુભૂતિને જ ‘वासुदेवः सर्वमिति’ કહેવામાં આવે છે. સાધકને જ્યારે આ અનુભૂતિ થાય છે ત્યારે જીવંત, જડ-પાષાણ – સારાય બ્રહ્માંડમાં એક જ ચેતના પ્રવેશીને રહેલી છે, જે મારામાં પણ છે અને સમગ્ર જગતમાં પણ છે. મારી અંદર પણ છે અને મારી બહાર પણ સર્વવ્યાપી છે. આ સઘન એકરૂપતા હોય છે. વિભાજન ચાલ્યું જાય છે. સારુંય બ્રહ્માંડ જાણે કે એકરસ છે !

❑

# 3

## Preliminary or Preparatory Work
## (સાધનાનો પ્રાથમિક અને તૈયારીરૂપ તબક્કો)

InthatletterofApril 1920 (to *Barin*) *Sri Aurobindo* described the stage of his *Yoga* when he came to Pondicherry in 1910 as ''preliminary or preparatory.'' That is to say, it was a preliminary stage of the supramental *Yoga*. ''The inner guide, the Universal Teacher, showed me my path entirely. All its essence is contained in the ten limbs of the *Yoga*. For the last ten years (1910-1920) the Divine is giving me the experience of that element and developing it in me, though the work is not yet finished... Without reaching the Supramental it is impossible to know the ultimate secret of the world. The riddle of the world cannot be solved without it.''

*– A. B. Purani*

(Source : http://sasp.collaboration.org/Nov24.html)

✺

અલીપોર બૉમ્બ કેસમાં નિર્દોષ છૂટ્યા બાદ શ્રી અરવિંદ પૉંડિચેરી જાય છે. આ સમયગાળો ઈ. સ. 1910થી 1920 હતો, જેમાં શ્રી અરવિંદ પોતાની સાધનાને 'પ્રાથમિક અને તૈયારીરૂપ'ની જણાવે છે. પોતાના નાના ભાઈ બારીનને પત્રમાં જણાવે છે કે આ તો અતિમનસ યોગની પ્રાથમિક અને પાયારૂપ તૈયારીનો તબક્કો છે. ''અંદરના ગુરુએ – Universal Teacher – જગદ્‌ગુરુએ મને મારી સાધનાનો પૂરેપૂરો માર્ગ બતાવી આપેલો છે અને તેનાં બધાં જ તત્ત્વ-રૂપ પાસાંઓ 'દશાંગ-યોગ'માં જ સમાયેલાં છે. છેલ્લાં દસ વર્ષથી પ્રભુ પોતે જ મને તેને માટે ચાવી-રૂપ અને સઘન અનુભૂતિઓ આપી રહ્યા છે અને એ રીતે સાધનાનો વિકાસ સાધી રહ્યા છે. કામ હજી પૂરું નથી

થયું.'' અતિમનસમાં પ્રવેશ્યા વગર જગત-નિયતિની ઘટમાળ જાણી શકાય તેમ નથી અને તેનું નિરાકરણ પણ લાવી શકાય તેમ નથી. તે બાબતે શ્રી અરવિંદને પોતાના યુગ-કાર્યની ખાતરી પ્રથમથી જ હતી.

આમાં જે 'દશાંગ-યોગ'(ten limbs)ની વાત કરી છે તેના બે સંદર્ભો છે. એક તો 'તંત્રશાસ્ત્ર'માં જણાવેલ ચેતનાના વિકાસના નવ તબક્કાઓ (કુમારિકા, ત્રિમૂર્તિ, કલ્યાણી, રોહિણી, કાલિકા, ચંડિકા, શાંભવી, દુર્ગા અને સુભદ્રા) અને 'વેદો'માં જણાવેલ 'દશગવો'ની (દશ ચેતનાસ્તરોને જાણવાની) સાધના સાત ચક્રોરૂપી સાત પ્રકાશરંગો જે સપ્ત ધાતુઓનું નિર્માણ કરે છે – રક્ત, માંસ, મજ્જા, મેદ, ત્વચા, અસ્થિ અને વીર્ય (શુક્ર અથવા રજ). અન્ય બે ચક્રો જે અવચેતનનું (ગોઠવણમાં) અને અચેતનનું (પગની પાનીમાં) જેમાંથી પ્રારબ્ધ-કર્મો અને સંચિત-કર્મોનું અનુક્રમે નિર્માણ થાય છે અને આ નવે-નવ કેન્દ્રોને શુદ્ધ અને દિવ્ય કરી ચૈત્યપુરુષને અગ્રભાગે લઈ આવીને દિવ્યજીવન માટેના જે 'સંકલ્પ'ને સક્રિય કરે છે તે પરમ ચેતના તે દશમું અંગ (દશમદ્વાર). આ છે દશાંગ-સાધના (Ten-limbs). આ બંનેનો સમન્વય કરીને યોગેશ્વર શ્રીકૃષ્ણના સીધેસીધા માર્ગદર્શનમાં શ્રી અરવિંદે 'સપ્ત-ચતુષ્ટય'ની સાધના કરી, જેનો ઉલ્લેખ ''Record of Yoga''માં વિગતવાર છે.

❑

# 4

## Why Pondicherry ?
## (પૉંડિચેરી શા માટે ?)

Dr.Manilal:WhytoPondichery?

*Sri Aurobindo* : I could not question. It was *Sri Krishna*'s *Adesh*. I had to obey. Later I found, it was for the *Ashram*, for the Yogic work.

– *Talk with Sri Aurobindo-I,* p. 42

## વૈદિક કાળ અને પૉંડિચેરી :

*Rishi Agastya* is one of the authors of the *RigVeda* (see *Agastya in the Tamil Land* by K. N. Sivaraja Pillai, page 1) and his famous exploit is to have brought Aryan civilisation to South India from the North... Today, now that we know that the cemetery of Pondicherry goes back to the prehistoric epoch, that the *lingam* was *swayambhu* and that the sage *Agastya* worshipped it... (Article by G. Jouveau-Dubreuil, first published in *Le Semeur*, 20 October 1935)

The *Uttara Yogi* [*Sri Aurobindo*] came and settled down for *tapasya* at Pondicherry, not far from a place where, tradition records, a great centre of Vedic learning had once prospered under the aegis of the legendary *Agastya*, the patron saint of the South. (Extract from M. P. Pandit, *Light from Sri Aurobindo* (*Pondicherry* : M. P. Pandit, 1966), pp. 6-7)

(Source : http://www.sriurobindoashram.org/research)

નિરોદ બરન પોતાના પુસ્તકમાં લખે છે કે ડૉ. મણિલાલ શ્રી અરવિંદને પ્રશ્ન કરે છે, ‘‘પૉંડિચેરી શા માટે આવ્યા ?’’ શ્રી અરવિંદ જવાબ આપે છે : ‘‘મારે પ્રશ્ન કરવાનો હતો જ નહીં, એ તો શ્રીકૃષ્ણનો ‘આદેશ’ હતો. અને મારે તેનું પાલન કરવાનું હતું જ અને પછી મને ખ્યાલ આવ્યો કે આ તો આશ્રમ અને જે યૌગિક કાર્ય કરવાનું છે તેને માટે જ હતું.’’

એવું કહેવામાં આવે છે કે વેદકાળમાં જે સ્થળ પર અગસ્ત્યમુનિ પોતાની સાધના કરતા હતા તે જ જગ્યા તે હાલનું પૉંડિચેરી. આશ્રમની વેબ-સાઈટ પરના ‘રિસર્ચ’ સેક્શનમાં આ બાબતે વિગતો આપવામાં આવેલી છે. અગસ્ત્ય ઋષિ (જેઓ ઋગ્વેદનાં સૂક્તોના રચયિતા છે) વૈદિક કાળમાં આર્ય સંસ્કૃતિ દક્ષિણમાં લઈ આવેલા અને હાલનું જે પૉંડિચેરી છે તે જ જગ્યાએ સાધના કરેલી. તે સ્થળ પ્રાચીનકાળમાં ‘વેદપુરી’ તરીકે ઓળખાતું. શ્રી એમ. પી. પંડિત પણ નોંધે છે કે ઉત્તરના યોગી શ્રી અરવિંદ એ જ જગ્યાએ આવીને પોતાની સાધના કરે છે જે સ્થળે પ્રાચીનકાળમાં અગસ્ત્ય ઋષિએ સાધના કરેલી. પૉંડિચેરીનું ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્ત્વ પણ છે જ.

❑

# 5

## Mother Joined the *Ashram*
## (શ્રી માતાજીનું આગમન)

Itwaswhenthe *Tapasya* for the *Siddhi* of the Supramental was going on that, fortunately, as if by a Divine dispensation, the Mother joined him intimately in the great Spiritual work.

– *A. B. Purani*

(Source : http://sasp.collaboration.org/Nov24.html)

✺

અને આ સમયગાળા દરમિયાન જ્યારે અતિમનસની સાધના અને તપસ્યા ચાલુ હતી ત્યારે શ્રી માતાજીનું આગમન થાય છે. પ્રથમ ઈ. સ. 1914માં આવે છે અને વિશ્વ-યુદ્ધ ફાટી નીકળતાં ફ્રાંસ પરત ફરે છે. ફરી વાર ઈ. સ. 1920માં સદાયને માટે શ્રી અરવિંદ સાથે પૉંડિચેરીમાં અતિમનસના યોગ માટે જોડાઈ જાય છે. આ આધ્યાત્મિક યુગ-કાર્યમાં જાણે કે પ્રભુ કોઈ અકળ અને ખાસ હેતુસર શ્રી માતાજીને મોકલે છે. પરમ પ્રભુ અને મા અદિતિ હવે સદેહે પૉંડિચેરીમાં છે. ઉત્ક્રાન્તિના વિકાસમાં આ એક અતિશય મહત્ત્વની ઘટના છે.

❑

# 6

## *SriAurobindo* 's Silent Help Before This Descent
## (શ્રી અરવિંદની શાંત અને સઘન મદદ)

There were almost daily instances of people being

saved from physical illness by his help. His disciples knew that there was no one on the earth who had a deeper sympathy and feeling for humanity than the Master. The silent and solid help that was going out from his to humanity was glimpsed by them at times. They felt that the line he wrote in *Savitri* about *Ashwapathy*, ''His spirit's stillness helped the toiling world'', was true in his own case.

– *A. B. Purani*

(Source : http://sasp.collaboration.org/Nov24.html)

✺

હવે ઈ. સ. 1926નું વર્ષ અને નવેમ્બર મહિનો છે. અવતરણનો દિવસ નજીક આવતો જાય છે. શિષ્યો અનુભવે છે કે તેમની શારીરિક તકલીફો ઓછી થતી જાય છે, જાણે કે માંદગીમાંથી કોઈ દિવ્ય મદદ વડે બચાવી લેવામાં આવે છે. આ તો દરરોજનો અનુભવ હોય છે. શિષ્યોને ખાતરી થાય છે કે આ તો પરમ પ્રભુ શ્રી અરવિંદની જ કૃપા અને કરુણા છે, જે સારાય જગતમાં કોઈની પાસે નથી. અને આ કૃપા પણ કેવી શાંત અને સઘન, નક્કર ! પરંતુ શિષ્યો તો ખાતરીપૂર્વક અનુભવી શકતા હતા અને તેઓ જાણતા હતા કે *સાવિત્રી*માં જણાવેલ ''તેના આત્માની પ્રગાઢ શાંતિ આ સંઘર્ષ કરતાં જગતને મદદ કરી રહી છે'' – આ પંક્તિ શ્રી અરવિંદની પોતાની બાબતે જાણે સત્ય પુરવાર થતી હતી.

❑

# 7

# Feeling of Descent of Higher Consciousness (ઊર્ધ્વ ચેતનાના અવતરણના અનુભવો)

AfeelingthatthedescentoftheHigherConsciousness would, or was about to, take place grew in the minds of the disciples either as a result of some indicative personal

experience or owing to the general atmosphere. Many felt that great changes in the outer structure of the *Ashram* were about to occur. Instead of coming to the evening sittings at half-past four, the usual time, *Sri Aurobindo* came at six or seven or eight o'clock. One day the record was 2 o'clock in the morning. It was evident that all his great energies were entirely taken up by the mighty task of bringing about the descent of the Higher Consciousness and that he did not want to lose or divert even a second of his time to anything else. Even though the work of maintaining an outer contact with the disciples was found useful it was becoming more and more difficult in view of the growing demand upon his time for the inner work.

– *A. B. Purani*

(Source : http://sasp.collaboration.org/Nov24.html)

✵

ફક્ત મદદ જ નહીં પરંતુ હવે તો જાણે કે કોઈ ઊર્ધ્વ ચેતનાના અવતરણનાં મંડાણ થતાં હોય તેવું શિષ્યો અનુભવવા લાગ્યા અને આ અવતરણની વર્ષામાં શિષ્યોને વ્યક્તિગત અને સામૂહિક રીતે પણ આધ્યાત્મિક અનુભૂતિઓ થવા લાગી. વાતાવરણ જ જાણે કે દિવ્યતાથી ભરાવા લાગેલું. આશ્રમનું કલેવર પણ બદલાવા લાગેલું. સાંજના ધ્યાનમાં શ્રી અરવિંદ હવે મોડા અને મોડા આવવા લાગ્યા. સામાન્ય રીતે સાંજે સાડા-ચારે ધ્યાન થતું તે હવે મોડું ને મોડું થવા લાગ્યું. કોઈ વાર સાંજે 7 કે 8 પણ વાગી જતા. અરે, એક વાર તો રાત્રે બે વાગી ગયા, જ્યારે શિષ્યોએ પોતાના ગુરુ સાથે ધ્યાન કર્યું ! પરંતુ આનું પણ એક કારણ હતું. શ્રી અરવિંદે પોતાની સઘળી શક્તિઓ હવે આ ઊર્ધ્વ ચેતનાના અવતરણ માટે કામે લગાડી દીધી હતી. હવે તેઓ એક પળ પણ ગુમાવવા માગતા ન હતા. તે કારણે શિષ્યો સાથે મળવાનું જરૂરી હોવા છતાં પણ તેમાં વધુ ને વધુ કાપ આવવા લાગ્યો અને તે મુશ્કેલ પણ બનવા લાગ્યું, છતાં પણ શ્રી અરવિંદ શાંત અને સઘન રીતે શિષ્યોને દિવ્ય મદદ કરતા જ.

❑

# 8

## Mother Asked All Disciples to Assemble (શ્રી માતાજીનું કહેણ)

Atlastthegreatdayarrived.Fromthebeginningof November the pressure of the Higher Power began to be unbearable. The day for which the Mother had been waiting for so many long years, came on the 24th November. The sun had almost set and everyone was occupied with his own activity – some had gone out to the seaside for a walk – when the Mother sent round word to all the disciples to assemble as soon as possible in the verandah where the usual meditation was held. It did not take long for the message to go round to all. By six o’clock most of the disciples had gathered. It was becoming dark. In the verandah, on the wall near *Sri Aurobindo*’s door, just behind his chair, a black silk curtain with gold lace-work representing three Chinese dragons was hung. The three dragons were so represented that the tail of one reached up to the mouth of the other and the three of them covered the curtain from end to end. We came to know afterwards that there is a prophecy in China that the Truth will manifest itself on the earth when the three dragons (the dragons of the earth, of the mind region and of the sky) meet. Today on the 24th of November the Truth was descending and the hanging of the curtain was significant.

*– A. B. Purani*

(Source : http://sasp.collaboration.org/Nov24.html)

✺

હવે એ દિવસ આવી પહોંચ્યો છે. શ્રી માતાજીને પણ જેનો ખૂબ જ ઇંન્તેજાર હતો તે દિવસ આવી પહોંચ્યો. નવેમ્બરની શરૂઆતથી જ ઊર્ધ્વ ચેતનાનું દબાણ સૌકોઈ અનુભવતા હતા. 24 નવેમ્બર 1926, સાંજનો સમય હતો. સૌકોઈ પોતપોતાના કાર્યમાં વ્યસ્ત હતા. કોઈ દરિયાકિનારે લટાર મારવા ગયેલા, કોઈ પોતાની કાર્યપ્રવૃત્તિમાં હતા. ત્યાં શ્રી માતાજીએ કહેણ મોકલ્યું કે 'બધા વરંડામાં, ધ્યાન કરવાના સ્થળે ભેગા થાય.' પળવારમાં આ સંદેશ સૌકોઈને પહોંચી ગયો અને શિષ્યો છ વાગ્યે એકત્રિત થઈ ગયા. અંધારું થતું જતું હતું. સૌ શિષ્યોએ જોયું કે જે ખુરશી પર શ્રી અરવિંદ બેસતા હતા તેની પાછળ એક રેશમી પડદો ટિંગાડવામાં આવેલો, જેમાં સુવર્ણ-દોરીથી ત્રણ ચાઈનીસ ડ્રેગન બનાવેલ હતા. આ ત્રણ ડ્રેગન એકબીજાથી એક સીધી લાઈનમાં એવી રીતે ગોઠવાયેલા હતા કે એકની પૂંછડી બીજાના મોઢા સુધી જતી હોય અને બીજાની ત્રીજાના મોઢા સુધી.

આ પડદામાં રહેલ ત્રણ ડ્રેગનનું પણ એક આધ્યાત્મિક મહત્ત્વ છે. એક એવી ચાઈનીસ માન્યતા છે કે જ્યારે આ પ્રકારે ત્રણ ડ્રેગન સંવાદમય સ્થિતિમાં હશે (એકની પૂંછડી બીજાના મોઢા સુધી જતી હોય) ત્યારે સત્યનું અવતરણ થશે, એટલે કે પૃથ્વી (earth), (જડ-ભૌતિક તત્ત્વ) મન(mind)નો સમગ્ર પ્રદેશ (અધિમનસ સુધીનો) અને આકાશ (sky), વૈશ્વિક ચેતનાના સ્તરો એકરૂપ બનશે અને સત્ય પ્રગટ થશે. કેવું તો દિવ્ય આયોજન !

❑

# 9

## Deep Silence in the Atmosphere (વાતાવરણમાં ગહન શાંતિ)

Therewasadeepsilenceintheatmosphereafterthe disciples had gathered there. Many saw an oceanic flood or Light rushing down from above. Everyone present felt a kind

of pressure above his head. The whole atmosphere was surcharged with some electrical energy.

– *A. B. Purani*

(Source : http://sasp.collaboration.org/Nov24.html)

✺

વાતાવરણમાં એક ગહન શાંતિ અનુભવાતી હતી. ઘણા શિષ્યોએ જોયું કે જાણે કે સમુદ્રરૂપી પૂર અથવા તો પ્રકાશ ઊર્ધ્વમાંથી અહર્નિશ ઊતરી રહેલ છે. દરેકને પોતાના મસ્તક પર એક પ્રકારનું દબાણ અનુભવાતું હતું. સારુંય વાતાવરણ એક પ્રકારનાં દિવ્ય આંદોલનોથી સભર બની ગયેલું. ધ્યાનનો એ સમય આવી પહોંચ્યો. દરરોજની જેમ જ ધ્યાનનો સમય હતો. પરંતુ આજે કંઈક જુદું જ લાગતું હતું, જુદું જ અનુભવાતુ હતું. ત્યાં જ બારણા પાછળ કોઈ ચહલપહલ થઈ અને...

❑

# 10

## Expectation Rose in a Flood (ઇંતેજારીનાં ઘોડાપૂર આવ્યાં)

SriAurobindo  and the Mother could be seen through the half-opened door. The Mother with a gesture of her eyes requested *Sri Aurobindo* to step out first. *Sri Aurobindo* with a similar gesture suggested to her to do the same. With a slow dignified step the Mother came out first, followed by *Sri Aurobindo* with his majestic gait. The small table that used to be in front of *Sri Aurobindo's* chair was removed this day. The Mother sat on a small stool to his right.

– *A. B. Purani*

(Source : http://sasp.collaboration.org/Nov24.html)

✺

અધખુલ્લા બારણા પાછળ શ્રી અરવિંદ અને શ્રી માતાજી દેખાતાં હતાં. શ્રી મા આંખોના ઇશારાથી શ્રી અરવિંદને પ્રથમ ધ્યાન-ખંડમાં પ્રવેશવા માટે કહે છે. શ્રી અરવિંદ પણ એ જ રીતે શ્રી માને પ્રથમ જવાનું કહે છે. શિષ્યો બેઠા છે અને શ્રી મા પોતાનાં ધીમાં અને જાજ્વલ્યમાન પગલે દાખલ થાય છે, શ્રી અરવિંદ પણ તેમની પાછળ એક ભવ્યશાળી રીતે પોતાનાં ડગ માંડે છે. શ્રી અરવિંદ પોતાની ખુરશી પર બેસે છે અને જે એક નાનું ટેબલ તેમની ખુરશીની આગળ રાખવામાં આવતું તે આજે હટાવી લેવામાં આવેલ છે. શ્રી મા એક નાના સ્ટૂલ પર શ્રી અરવિંદની જમણી બાજુએ બેસે છે. પ્રભુ ને મા ભગવતી સાક્ષાત્ બિરાજમાન છે. શિષ્યોના આનંદનો પાર નથી.

❑

# 11

## Blessings by the Mother & *Sri Aurobindo*
## (શ્રી મા અને શ્રી અરવિંદના આશીર્વાદ)

Silenceabsolute,livingsilence–notmerelyliving but overflowing with divinity. The meditation lasted about forty five minutes. After that, one by one the disciples bowed to the Mother. She and *Sri Aurobindo* gave blessings to them. Whenever any disciple bowed to the Mother *Sri Aurobindo*'s right hand came forward behind the Mother's as if blessing him through the Mother. After the blessings, in the same silence there was a short meditation.

– *A. B. Purani*

(Source : http://sasp.collaboration.org/Nov24.html)

✷

બીજા દિવસો જેવો જ આ દિવસ હતો, પરંતુ કાંઈક ખાસ હતું. સૌ-કોઈ ધ્યાનમાં સરી પડ્યા. આજના દિવસની દિવ્યતા અને ભવ્યતા અલૌકિક લાગતી હતી. પરમ અને જીવંત શાંતિ, ફક્ત જીવંત જ નહીં, પરંતુ બધાને

દિવ્યતાથી ઘેરી વળેલી એ પરમ શાંતિ હતી. ધ્યાન લગભગ 45 મિનિટ ચાલ્યું. ધ્યાન પછી બધા જ શિષ્યો શ્રી માતાજી અને શ્રી અરવિંદને વંદન કરી આશીર્વાદ લે છે. જ્યારેજ્યારે કોઈ શિષ્ય શ્રી માને પ્રણામ કરતા ત્યારે સ્વાભાવિક રીતે જ શ્રી અરવિંદ પોતાનો જમણો હાથ શ્રી માની પાછળ ઊંચો કરતા, જાણે પોતાના આશીર્વાદ શ્રી મા દ્વારા વહેવડાવતા ન હોય ! એટલે કે આજે તો પરમ પ્રભુ અને મા અદિતિ એક થઈને આશીર્વાદ આપી રહ્યાં છે ! અને પછી એ જ નીરવતામાં ફરી વાર થોડું ધ્યાન કરવામાં આવ્યું.

❑

# 12

## Datta's Inspiration
## (સાધિકા દત્તાની આંતરપ્રેરણા)

ImmediatelyDattawasinspired.Inthatsilenceshe spoke : "The Lord has descended into the physical today."

– *A. B. Purani*

(Source : http://sasp.collaboration.org/Nov24.html)

She (Datta) said, she felt *Sri Aurobindo* speaking through her...

– *Agenda*, Vol. 2, 2 August-1961, pp. 195-197

✺

ગહન શાંતિ હતી, વાતાવરણ દિવ્યતાથી છલકાતું હતું. સૌકોઈ મૌનમય અને ગહન ધ્યાનમાં હતાં. ત્યાં જ એક સાધિકા મિસ દત્તાને આંતરપ્રેરણા થઈ અને તે મોટેથી બોલી ઊઠે છે : "પ્રભુ આજે ભૌતિક-તત્ત્વમાં ઊતરી આવ્યા છે !" શ્રી માતાજી પણ આ પ્રેરણાની નોંધ લઈને 'Agenda'માં જણાવે છે કે 'દત્તાએ કહ્યું કે તેના દ્વારા તો શ્રી અરવિંદે જ આ ઘોષણા કરી હતી.' ફક્ત એક વાક્યમાં આ ગહન અને યુગાંતરના અવતરણની ઘટનાને કહેવામાં આવી અને તે પણ કોઈ શિષ્ય દ્વારા.

આ ધ્યાન અને આશીર્વાદ જેઓને મળ્યાં તેમની સંખ્યા પણ ચોવીસ હતી અને તારીખ પણ 24મી હતી ! નીચે મુજબનાં શિષ્યો હાજર હતાં :

(1) બિજોયકુમાર નાગ, (2) નોલિનીકાંત ગુપ્તા, (3) અમ્રિતા, (4) મોની-સુરેશ ચક્રવર્તી, (5) પવિત્રા, (6) શ્રી અરવિંદના નાના ભાઈ બારીન્દ્રકુમાર ઘોષ, (7) મિસ દત્તા, (8) કે. રાજંગમ, (9) સત્યેન, (10) અંબુભાઈ પુરાણી, (11) અંબુભાઈ પુરાણીનાં ધર્મપત્ની લીલાવતી, (12) પૂનમચંદ, (13) પૂનમચંદનાં ધર્મપત્ની ચંપાબેન, (14) રજનીકાંત પાલીત, (15) ડૉ. ઉપેન્દ્રનાથ બેનરજી, (16) ચંપકલાલ, (17) કનૈયાલાલ ગાંગુલી, (18) ખિતીશ ચંદ્ર દત્ત, (19) વી. ચંદ્રશેખરમ્, (20) પૂજાલાલ, (21) પુરુષોત્તમ પટેલ, (22) રતિ પાલીત, (23) રામભાઈ પટેલ, (24) નાનીબાલા.

❑

# 13

## *Krishna* : Guide of Integral *Yoga*
## (શ્રીકૃષ્ણ : પૂર્ણયોગના માર્ગદર્શક)

...(*Krishna*) who was the guide of my *Yoga* and with whom I realised identity... All that is not to me something philosophical or mental but a matter of daily and hourly realisation and intimate to the stuff of my consciousness... the large and indeed predominant part He played in my own *Sadhana*... 25 February, 1945.

– *CWSA*, Vol. 35, *Letters on Himself And Ashram*, p. 432

✻

સિદ્ધિદિન પછી પણ અનેક સાધકોને પ્રશ્નો હતા કે ખરેખર શું બની આવેલું. જુદાજુદા સમયે તેના જવાબો પણ શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ આપેલ છે. શ્રી અરવિંદ જણાવે છે કે “શ્રીકૃષ્ણ તો મારા યોગના પથદર્શક છે, માર્ગદર્શક છે અને જેમની સાથે મેં પૂર્ણ એકરૂપતા સાધેલી છે. અને આ કોઈ ફક્ત વિચારવમળ નથી કે ફિલૉસોફી પણ નથી, પરંતુ એક જીવંત

વાસ્તવિકતા છે. મારી તો હરેક ક્ષણ અને હરેક દિવસનો આ અનુભવ છે અને તે તો મારી ચેતનાની મૂળ-વસ્તુ સ્થિતિ પણ છે, ચેતનાનો સાક્ષાત્કાર છે. અને શ્રીકૃષ્ણે જ ખૂબજ મોટો અને મહત્ત્વનો ફાળો મારી સાધનામાં ભજવેલો છે.''

❑

# 14

## What is the Significance of 24th November ?
## (24 નવેમ્બરનું મહત્ત્વ શું ?)

*Question : What exactly is the significance of the 24th November ? Overmental, supramental realisation or what ? You say it was something like the descent of Krishna in the material. Some say the descent was in you, but you are not matter, are you ? Not very clear.*

Answer : Why not ? Why can't I be matter ? or represent it at least ? At least you will admit that I have got some matter in me and you will hardly deny that the matter in me is connected or even continuous... with the matter in general ? Well, if *Krishna* or the Overmind or something equivalent descended into my matter with an inevitable extension into connected general Matter, what is the lack of clarity in the statement of a descent into the material ? It was the descent of *Krishna* into the physical. It has nothing to do with immortality.

– *CWSA*, Vol. 35, *Letters on Himself And Ashram*
pp. 272-273

✻

શિષ્યો તો પ્રશ્નો પૂછે છે : 24 નવેમ્બરનું મહત્ત્વ શું ? અધિમનસ કે અતિમનસ કે અન્ય કોઈ આવિર્ભાવ ? તમે તો કહો છો કે શ્રીકૃષ્ણે ભૌતિક

તત્ત્વમાં અવતરણ કર્યું. વળી કોઈ કહે છે કે શ્રીકૃષ્ણે તમારામાં અવતરણ કર્યું ? તો સાચુ શું ?

શ્રી અરવિંદ જવાબ આપે છે : શા માટે હું આ જ ભૌતિક તત્ત્વનો ભાગ નથી અથવા તો તેને ધારણ કરતો નથી ? મારામાં પણ ભૌતિક તત્ત્વ રહેલું છે તે તો આ સમગ્ર ભૌતિક તત્ત્વનો એક ભાગ જ છે, જે એકરસ છે અને બધા જ સાથે જોડાયેલું છે. જો શ્રીકૃષ્ણ કે બીજું કોઈ ઊર્ધ્વમાંથી અવતરણ પામેલ હોય તો તે મારા ભૌતિક તત્ત્વ મારફત સારાય ભૌતિક તત્ત્વમાં ફરી વળેલું છે અને તેનો અવિભાજ્ય અંગ બની ગયેલું છે. અને આ બાબતે શાની શંકાઓ છે ? એ તો શ્રીકૃષ્ણનું ભૌતિક તત્ત્વમાં અવતરણ હતું અને તેને 'અમરત્વ' સાથે કોઈ જ સંબંધ નથી.

❑

# 15

---

## Mother's Work During 1926
## (1926માં શ્રી માતાજીનું કાર્ય)

In 1926, I had begun a sort of overmental creation, that is, I had brought the Overmind down into the matter, here on the earth (miracles and all kinds of things were beginning to happen). I asked all these Gods to incarnate, to identify themselves with a body (some of them absolutely refused). Well, with my very own eyes I saw *Krishna*, who had always been in rapport with *Sri Aurobindo*, consent to come down into his body. It was on November 24th, and it was the beginning of Mother.

*(Note : From 1926, Sri Aurobindo officially introduced Mother to the disciples as the 'Mother'; previously he often called her 'Mirra.')*

– *Agenda*, Vol. 2, 2 August-1961, pp. 195-197

શ્રી માતાજી પણ જણાવે છે કે ઈ. સ. 1926માં તેઓ કયા પ્રકારે સાધના કરતાં હતાં. આના ઉલ્લેખો 'Agenda'માં મળી આવે છે. ઈ. સ. 1926માં શ્રી માતાજીએ જે 'અધિમનસ' (દેવતાઈ જગત), તેની સૃષ્ટિનિર્માણ કરવાની શરૂઆત કરેલી અને તેને પૃથ્વી સાથે જોડી આપવાનું કાર્ય આરંભેલું અને તે કારણે જ જાણે કે ચમત્કારો અને એવા પ્રકારની સૂક્ષ્મ ઘટનાઓ બનવા લાગેલી. આગળ જોયું કે શિષ્યોને અનેક પ્રકારના અકસ્માતો અને શારીરિક માંદગીમાંથી બચાવી લેવામાં આવતા હતા, કારણ કે મા ભગવતી અને પરમ પ્રભુ (પ્રભુ અને તેની પરાશક્તિ) બન્ને એક જ પ્રકારની સાધનામાં રત હતાં. પૃથ્વીના ભાવિ માટે આ એક અતિશય મહત્ત્વનું યુગલકાર્ય હતું. શ્રી માતાજીએ બધા જ દેવોને પૃથ્વી પર શરીરધારી બની અવતરણ કરવાનું કહ્યું, પરંતુ અમુક દેવોએ તો સ્પષ્ટ નકાર જ ભણ્યો, પરંતુ શ્રીકૃષ્ણ જે હંમેશાં શ્રી અરવિંદની સાથે સહજ રીતે સંબંધમાં હતા તેઓએ શ્રી અરવિંદના શરીરમાં અવતરણ કરવાની સંમતિ આપી. અને શ્રી માતાજી પોતાની સૂક્ષ્મ દૃષ્ટિથી આ જુએ છે. અને હવે તેથી જ 'Mother' તરીકેની શ્રી માતાજીના જીવનની શરૂઆત થાય છે. આ ઘટનાથી શ્રી અરવિંદ હવે એકાંતવાસમાં સાધનામાં ચાલ્યા જાય છે અને શ્રી માતાજી આશ્રમના સંચાલન અને શિષ્યોની સાધનાની જવાબદારીનો દોર સંભાળે છે. તેથી શ્રી માતાજી કહે છે કે 'It was the beginning of Mother.' હવે શ્રી મા અગ્રભાગે આવી શિષ્યોને સાધનામાં માર્ગદર્શન આપે છે. (ઈ. સ. 1926 પહેલાં શ્રી અરવિંદ માતાજીને ઘણી વખત 'મીરાં' કહીને બોલાવતાં, પરંતુ હવે તો શ્રી અરવિંદે ખુદ પોતે 'શ્રી મા' નામ આપ્યું અને શિષ્યોને પણ તે બાબતે જ્ઞાત કર્યાં !)

❑

# 16

## The Facts of Realisation of 1926
## (1926ના સાક્ષાત્કારની વાસ્તવિકતા)

*Question : Yes, in fact I wanted to ask you what this realization of 1926 was.*

Answer : It was this : *Krishna* consented to descend into *Sri Aurobindo*'s body – to be FIXED there; there is a great difference, you understand, between incarnating, being fixed in a body and simply acting as an influence that comes and goes and moves about. There is a difference between just coming occasionally and accepting to be permanently tied to a body – between a permanent influence and a permanent presence. These things have to be experienced.

– *Agenda,* Vol. 2, 2 August-1961, pp. 195-197

✵

શ્રી માતાજીને શિષ્ય પ્રશ્ન પૂછે છે : ઈ. સ. 1926માં થયેલ સાક્ષાત્કાર ખરેખર શું હતો ? શ્રી માતાજી જણાવે છે કે તે આ સ્વરૂપનો હતો : શ્રીકૃષ્ણે શ્રી અરવિંદના શરીરમાં અવતરણ કરવાની સમંતિ આપી – ત્યાં જ સ્થાયી થવા માટે. અને આ એક જુદી જ વાત છે, તમને સમજાય છે ? ફક્ત દૂરદૂરથી એક પ્રભાવ કે અસર (influence) પાડવી અને કોઈ શરીરમાં સાક્ષાત્ હાજર હોવું (Fixed in the Body) તે બન્ને વસ્તુઓમાં ખૂબ જ મોટો તફાવત છે. અત્યાર સુધી આપણે સૌ શ્રીકૃષ્ણ(કે અધિમનસ)ના પ્રભાવ તળે સાધના કરતાં હતાં, કારણ કે દૈવી જગત તો હંમેશાં વિચરણ (moving) જ કરતું હોય છે અને માનવચેતના માટે તે સ્થાયી ન હોય, ફક્ત તે પ્રભાવ કે પોતાની દૈવી અસર હેઠળ જ માનવચેતનાના વિકાસમાં મદદ કરતું હોય છે. હવે એ જ અધિમનસ શ્રીકૃષ્ણચેતના દ્વારા સાક્ષાત્ કોઈ દેહમાં હાજર છે, જેણે ભૌતિક શરીર ધારણ કરેલું છે. આ વસ્તુ જ જુદી છે. શ્રી અરવિંદમાં આ બની આવેલું છે. સ્થાયી સ્વરૂપનો ફક્ત પ્રભાવ અને સ્થાયી સ્વરૂપની ભૌતિક તત્ત્વમાં હાજરી આ બન્ને વસ્તુઓ તો જુદી જ છે. અને તેને તો અનુભવથી જ જાણી શકાય છે.

❑

# 17

## Important for the Creation
## (સૃષ્ટિ માટેનું મહત્ત્વ)

Question:*Butinwhatsensedidthisrealization mark a turning point in Sri Aurobindo's Sadhana ?*

Answer : No, the phenomenon was important FOR THE CREATION; he himself was rather indifferent to it. It was only... (how can I put it ?) a participation from *Krishna*. It made no difference for *Sri Aurobindo* personally. It was a formation from the past that accepted to participate in the present creation, nothing more. It was a descent of the Supreme, from... some time back, now consenting to participate in the new manifestation.

– *Agenda*, Vol. 2, 2 August-1961, pp. 195-197

✷

શિષ્ય પ્રશ્ન કરે છે કે આ સાક્ષાત્કાર શ્રી અરવિંદની સાધના માટે કઈ રીતે વળાંકરૂપ અને મહત્ત્વનો હતો ? શ્રી મા જણાવે છે કે આ ઘટના તો સૃષ્ટિ – Creation – માટે મહત્ત્વની છે. શ્રી અરવિંદ તો આ સાક્ષાત્કારથી વ્યક્તિગત રીતે તો નિર્લેપ જ હતા. શ્રી મા કહે છે કે 'મારે કઈ રીતે સમજાવવું ? એ તો શ્રીકૃષ્ણ આ નૂતન-જગત-નિર્મિતિના સહભાગી થવા જ આવેલા છે. તે આ ઘટનાનું મહત્ત્વ છે. શ્રી અરવિંદને તો વ્યક્તિગત રીતે કોઈ જ ફરક પડતો નથી. શ્રી મા વધુમાં કહે છે કે અગાઉ જે અવતાર તરીકે સ્વરૂપ હતું તેણે હવે નૂતન જગતમાં સહભાગી થવા, મદદરૂપ થવા માટે જ શ્રી અરવિંદના દેહમાં અવતરણ કરેલ છે. આ તો પરમ પ્રભુએ ખુદ જ અગાઉના અવતારી સ્વરૂપને જે સૂક્ષ્મમાં કાયમ રાખેલું તેનું જ ભૌતિક તત્ત્વમાં અવતરણ છે. નૂતન જગતના આવિર્ભાવમાં સહભાગી થવા અવતરિત થયા છે. પૃથ્વીના ઇતિહાસમાં આ એવી આધ્યાત્મિક

ઘટના છે, જેમાં પરમ પ્રભુ, મા અદિતિ અને આનંદમય અવતાર શ્રીકૃષ્ણ – એક-સાથે ત્રણેય સાક્ષાત્ બિરાજમાન છે. 'न भूतो न भविष्यति !'

❑

# 18

## Mother's Experience on 24th Noveber, 1926
## (24મી નવેમ્બરે શ્રી માતાજીની અનુભૂતિ)

After a while, I too began having meditations with people. I had begun a sort of 'overmental creation', to make each God descend into a being – there was an extraordinary upward curve ! Well, I was in contact with these beings and I told *Krishna* (because I was always seeing him around *Sri Aurobindo*), 'This is all very fine, but what I want now is a creation on the earth – you must incarnate.' He said, 'Yes.' Then I saw Him – I saw Him with my own eyes (inner eyes, of course), join Himself to *Sri Aurobindo*.

– *Agenda,* Vol. 2, 2 August-1961, pp. 195-197

✵

અગાઉ જોયું તેમ શ્રી મા પણ 'અધિમનસ'-જગતને નીચે અવતરિત કરાવવા સાધનામાં મગ્ન હતાં અને દરેક દેવને આ પૃથ્વી પર સ્થાયી થવાનું આહ્વાન કરતાં હતાં. શ્રી માએ જોયું કે ઊર્ધ્વમાં તો અનેક જગતોના સ્તરો છે જે ઊર્ધ્વમાં જતા કોઈ એક અદ્ભુત વળાંકના સ્વરૂપ દેખાઈ રહ્યા છે, અને આ ઊર્ધ્વ ચેતનાના સંપર્કને કારણે જ શ્રી મા આ દૈવી સત્ત્વો અને દેવોને પૃથ્વી પર અવતરણ કરવાનું કહેતાં હતાં. શ્રી મા જુએ છે કે શ્રીકૃષ્ણ તો શ્રી અરવિંદની આજુબાજુ હંમેશાં નજરે પડે છે. શ્રી માતાજી શ્રીકૃષ્ણને હવે કહે છે : ''ઠીક છે, આ બધું તો સારું જ છે, પરંતુ મારે તો હવે આ પૃથ્વી પર જ નૂતન જગત જોઈએ છે. અને તમારે આવવું જ પડશે, સ્થાયીરૂપે.'' શ્રીકૃષ્ણ કહે છે : ''હા'' અને શ્રી માતાજી પોતાનાં સૂક્ષ્મ ચક્ષુઓથી જુએ છે કે શ્રીકૃષ્ણ

શ્રી અરવિંદ સાથે જોડાઈ જાય છે, એકરૂપ થઈ જાય છે. આ અનુભવ શ્રી માતાજીને 24મી નવેમ્બર 926ના રોજ આવે છે.

❑

# 19

## *Sri Aurobindo*'s Experience
## (શ્રી અરવિંદની અનુભૂતિ)

ThenIwentinto *Sri Aurobindo*'s room and told him, 'Here's what I have seen.' 'Yes, I know !' he replied (Mother laughs), 'That's fine; I have decided to retire to my room and you will take charge of the people...''

...but Datta began speaking. (She was an Englishwoman who had left Europe with me; she stayed here until her death – a person who received 'inspirations.') She said, she felt *Sri Aurobindo* speaking through her and she explained everything that *Krishna* had incarnated and that *Sri Aurobindo* was now going to do an intensive *Sadhana* for the descent of the Supermind; that it meant *Krishna*'s adherence to the Supramental Descent upon the earth and that, as *Sri Aurobindo* would now be too occupied to deal with people, he had put me in charge and I would be doing all the work. This was in 1926.

– *Agenda,* Vol. 2, 2 August-1961, pp. 195-197

✷

...અને તુરંત શ્રી માતાજી શ્રી અરવિંદના ખંડમાં જાય છે અને કહે છે : ''જુઓ, મે આ જોયું.'' શ્રી અરવિંદ ટૂંકમાં જવાબ આપે છે : ''હા, મને ખબર છે – 'Yes, I know !' અને વધુમાં કહે છે કે એ તો ખૂબ સારી વાત છે. હવે હું એકાંતવાસમાં સાધનામાં જઉં છું અને તમે હવે શિષ્યોની, આશ્રમની જવાબદારી સંભાળજો.

મિસ દત્તા, જેણે ગહન શાંતિમાં આ સાક્ષાત્કારની મહત્તાની ઘોષણા કરેલી તેની પણ વાત શ્રી માતાજી અહીં કરે છે. (ઇંગ્લિશ મહિલા મિસ દત્તા શ્રી માતાજીની સાથે જ આવેલાં અને પોતાના અંતિમ શ્વાસ સુધી આશ્રમમાં રહેલાં.) શ્રી મા હંમેશાં 'આંતરપ્રેરણા'(inspirations)નાં પુષ્પો મિસ દત્તાને આપતાં અને તે કારણે જ મિસ દત્તા શ્રી અરવિંદની આંતરપ્રેરણા સહજ રીતે ઝીલી લે છે અને આ સત્યને વ્યક્ત કરી શક્યાં : ''પ્રભુ આજે ભૌતિક તત્ત્વમાં ઊતરી આવ્યા છે.'' મિસ દત્તા વધુમાં કહે છે કે શ્રીકૃષ્ણ જ શ્રી અરવિંદમાં ઊતરી આવેલ છે તેનો મતલબ એ કે હવે અધિમનસ (overmind) જગત પણ અતિમનસ (supramental) જગતને અનુરૂપ થઈ સહભાગી અને મદદરૂપ થવા આવેલ છે. ત્યાર પછી શ્રી અરવિંદ એક ગહન અને એકાંતની સાધનામાં લીન થાય છે, લોકોને મળવાનું બંધ કરે છે અને પૃથ્વીમાં અતિમનસ-(supramental)નું અવતરણ કરવાની સાધના એ એક જ કાર્યમાં રત બની જાય છે અને આશ્રમનું સંચાલન શ્રી માના હાથમાં સોપાયું. આ છે ઈ. સ. 1926ની વાત.

❑

# 20

---

## *Krishna* is Preparing for the Descent of Supermind (અતિમનસના અવતરણની તૈયારી)

Question:SomesayNovember *24th is a day of victory. By that some mean that the Supermind (supramental consciousness) descended into the physical consciousness of Sri Aurobindo. Others say, it was the coming down of Krishna into the physical consciousness. If it was the descent of Krishna, does that mean the descent of the supramental light ?*

Answer : *Krishna* is not the supramental light. The descent of *Krishna* would mean the descent of the Overmind Godhead preparing, though not itself actually bringing the descent of Supermind and *Ananda*. *Krishna* is the

*Anandamaya*, he supports the evolution through the Overmind leading it towards his *Ananda*.

– *CWSA,* Vol. 35, *Letters on Himself And Ashram,* p. 272

**Krishna's opening the overmind**

...And *Krishna*'s opening the overmind certainly made it possible for the attempt at bringing Supermind to the earth...

– *CWSA,* Vol. 35, *Letters on Himself And Ashram,* p. 408

**Krishna in the Physical**

*Krishna*'s play in the physical : the rule of the *Avatar* upon the earth, that is to say, the realisation of the new divine world.

– *CWM,* Vol. 35, *Words of the Mother*-III, p. 14

✵

શિષ્યો પ્રશ્ન પૂછે છે કે કોઈ કહે છે, આ તો 'વિજય'નો દિવસ છે, તો કોઈ એવો અર્થ કરે છે કે આ અતિમનસ તો શ્રી અરવિંદના ભૌતિક તત્ત્વમાં ઊતરી આવેલું છે. તો વળી કોઈ કહે છે કે શ્રીકૃષ્ણચેતના આ ભૌતિક તત્ત્વમાં ઊતરી આવી. જો શ્રીકૃષ્ણનું જ અવતરણ હોય તો તેનો મતલબ કે 'અતિમનસ પ્રકાશ'નું જ અવતરણ છે ?

શ્રી અરવિંદ જવાબ આપે છે : શ્રીકૃષ્ણ અતિમનસ પ્રકાશ નથી. શ્રીકૃષ્ણ, એટલે કે અધિમનસનું અવતરણ, અતિમનસના અવતરણને સીધે-સીધું લઈ આવવાની ઘટના નથી, પરંતુ 'અતિમનસ અને આનંદ'ને અવતારવાની તૈયારી માટે છે. શ્રીકૃષ્ણ તો 'આનંદમય' છે અને તે આ જે વૈશ્વિક ઉત્ક્રાંતિ ચાલી રહી છે તેને આધારરૂપ થઈને 'આનંદમય' તરફ દોરી રહ્યા છે. ઉત્ક્રાન્તિના વિકાસના જે પાંચ તબક્કાઓ છે : અન્નમયકોષ, પ્રાણમયકોષ, મનોમયકોષ, વિજ્ઞાનમયકોષ અને આનંદમયકોષ. આમાંના પ્રથમ ત્રણ તબક્કાઓ પૃથ્વી પર આવિર્ભાવ પામી સ્થાયી થયેલા છે અને સર્વસામાન્ય માનવને જન્મજાત ઉપલબ્ધ છે. મનોમય કોષનો વિકાસનો તબક્કો હજી ચાલી રહ્યો છે. શ્રી અરવિંદ કહે છે કે માનવ એક વચગાળાનું પ્રાણી છે. (Man is a transitional being.) હવે વિજ્ઞાનમય કોષ, જેને શ્રી અરવિંદ અતિમનસ ચેતના કહે છે તે તબક્કાની સભાન રીતે શરૂઆત છે. જે કોઈ આંતરિક રીતે તૈયાર હશે તેઓને શ્રી માતાજી અને શ્રી અરવિંદ

આ વિકાસયાત્રામાં મદદ કરશે અને તેની સાધના પણ પોતે જાતે જ કરશે. શ્રીકૃષ્ણ તો 'આનંદમય' લોકમાંથી આવેલ છે અને તે પણ એક તૈયારી માટે અને આધાર આપવા માટે. અંતે તો સૌએ 'આનંદમય' સુધી વિકસવાનું છે. પરંતુ હાલનો ઉત્ક્રાંતિનો તબક્કો છે માનવમાંથી સભાન રીતે સાધના દ્વારા અતિમાનવમાં વિકસવું. શ્રીકૃષ્ણ આ જે વિકાસનો તબક્કો છે તેને બળ અને ગતિ આપવા માટે 'અધિમનસ'નાં દ્વાર ખોલી આપેલાં છે અને તે દ્વારા શ્રી અરવિંદ સાથે એકરૂપ થયેલા છે. અને તેથી જ હવે આ 'અતિમનસ'ના અવતરણ માટે જે પ્રયત્ન કરવાનો છે તે શક્ય બન્યું છે.

અને શ્રીકૃષ્ણનું આ ભૌતિક તત્ત્વમાં અવતરણ, તેમાં તેમની લીલા જ આ નૂતન જગત, દિવ્ય જગતના સાક્ષાત્કાર માટે આધિપત્યરૂપ છે.

❑

# 21

## *Krishna* : Not Incompatible With This Yoga (શ્રીકૃષ્ણ : પૂર્ણયોગને પૂરેપૂરા અનુરૂપ)

Question:IfindnoharmifIrepeatthenameof *Sri Krishna, whose very being has taken the form of our Lord Sri Aurobindo and his Parashakti – the Mother.*

Answer : There is no harm in that; it is not incompatible or inconsistent with this *Yoga*.

– *CWSA*, Vol. 35, *Letters on Himself And Ashrama* pp. 826-827

✳

શિષ્ય પૂછે છે કે મને લાગે છે કે શ્રીકૃષ્ણ કે જેમના સારાય સ્વરૂપે અમારા પ્રભુ શ્રી અરવિંદ અને તેમની જ પરાશક્તિ શ્રી મા સાથે એકરૂપ કરી લીધું છે, એ શ્રીકૃષ્ણના નામ-જપ હું કરું તો તેમાં કોઈ હાનિ ન હોઈ શકે.

શ્રી અરવિંદ કહે છે કે તેમાં કોઈ જ વાંધો નથી, કારણ કે શ્રીકૃષ્ણ આ પૂર્ણયોગમાં 'અનુરૂપ ન હોય અથવા તો વિરોધાભાસી' હોય તેવું કંઈ છે

જ નહીં. ઊલટાનું શ્રીકૃષ્ણ તો આ પૂર્ણયોગની સાધનામાં અનુરૂપ અને આધારરૂપ છે.

❑

# 22

## *Sri Aurobindo*'s Light : Whitish Blue (શ્રી અરવિંદનો પ્રકાશ : સફેદ ઝાંયવાળો બ્લૂ)

Thedifferentbluesmeandifferentforces(therealblue has nothing to do with poison). The whitish blue is specially called my light, but it does not mean that alone can come from me.

...Usually deeper blue is Higher Mind, a paler blue Illumined Mind – whitish blue *Sri Krishna*'s light (also called *Sri Aurobindo*'s light).

– *CWSA*, Vol. 35, *Letters on Himself And Ashram* pp. 515-516

✺

સિદ્ધિદિને જે સૂક્ષ્મ ઘટનાઓ બનેલ અને જે કારણે શ્રી અરવિંદ અને શ્રીકૃષ્ણ એકરૂપ થયેલા તેને વધુ ઉજાગર કરતાં શ્રી અરવિંદ શિષ્યના પ્રશ્નના જવાબ આપતાં કહે છે, જુદાજુદા બ્લૂ (નીલ) પ્રકાશો એટલે જુદીજુદી શક્તિઓ. (સાચા બ્લૂને 'ઝેર' સાથે કોઈ લેવાદેવા જ નથી !) જે સફેદ ઝાંયવાળો બ્લૂ છે તે મારો ખાસ પ્રકાશ છે. પરંતુ એનો અર્થ એવો નથી કે ફક્ત એ પ્રકાશ જ મારા તરફથી તમને સૌને મળે છે, એ ઉપરાંત અન્ય ઘણુંબધું સૂક્ષ્મમાં તમને આપવામાં આવે છે. સામાન્ય રીતે 'બ્લૂ' એ મનનો પ્રકાશ-રંગ છે. અને તેની 'ઝાંય' (shade) મુજબ મનના જુદાજુદા સ્તરોનો તે હોય છે. દાખલા તરીકે, ઘાટો બ્લૂ 'ઊર્ધ્વ મન'નો છે, જ્યારે થોડો આછો બ્લૂ 'પ્રકાશિત મન'નો છે અને જે સફેદ ઝાંયવાળો બ્લૂ છે તે તો શ્રીકૃષ્ણનો અધિમાનસિક પ્રકાશ છે (અને એને જ 'શ્રી અરવિંદનો પ્રકાશ' પણ કહેવામાં આવે છે). અધિમનસ

ચેતનાનો અતિમનસ ચેતનાના અવતરણમાં સહકાર મળ્યો એ જ સિદ્ધિ છે. શ્રી અરવિંદ અને શ્રીકૃષ્ણ પૂર્ણ રીતે છેક ભૌતિક તત્ત્વ સુધી એકરૂપ અને એકાકાર હતા, તે પણ ચિરંજીવી રીતે, તેની ખાતરી શ્રી અરવિંદ આ પ્રકાશરંગોની વાત દ્વારા સૂક્ષ્મ રીતે સમજાવે છે.

❑

# 23

## *Sri Krishna* and *Sri Aurobindo* (શ્રીકૃષ્ણ અને શ્રી અરવિંદ)

IthoughtIhadalreadytoldyouthatyourturn towards *Krishna* was not an obstacle. ...If we consider the large and indeed predominant part he played in my own *Sadhana*, it would be strange if the part he has in your *Sadhana* could be considered objectionable. ...the concentration on *Krishna* is a self-offering to the *ishta-deva*. If you reach *Krishna* you reach the Divine; if your can give yourself to Him, you give yourself to me. Your inability to identify may be because you are laying too much stress on the physical aspects, consciously or unconsciously.

– *CWSA*, Vol. 35, *Letters on Himself And Ashram*, pp. 431

✻

શ્રી અરવિંદ શિષ્યને લખે છે કે તમને શ્રીકૃષ્ણ તરફ જે ભક્તિભાવ છે, જે સાધનાલક્ષી ઢળાવ છે તે બાધારૂપ નથી જ. જો તમે એ સમજો કે મારી પોતાની સાધનામાં પણ શ્રીકૃષ્ણએ અતિશય મહત્ત્વનો અને ચાવીરૂપ ભાગ ભજવેલો છે, તો તમારી સાધનામાં શ્રીકૃષ્ણ કઈ રીતે બાધારૂપ હોઈ શકે ? એ શક્ય જ નથી. શ્રીકૃષ્ણનું ધ્યાન જ તમારા 'ઇષ્ટ-દેવ'નું ધ્યાન છે તે એક જ યાદ રાખવાનું છે. જો તમે શ્રીકૃષ્ણને પામશો તો તમે 'દિવ્યતા'ને – પરમ પ્રભુને પામશો. જો તમે તમારું 'અર્પણ' શ્રીકૃષ્ણને કરો છો તો માનજો કે

મને જ કરી રહ્યા છો. તમે ફક્ત બાહ્ય સ્વરૂપને વળગીને આ વસ્તુઓ જુઓ છો એટલે આંતરિક ચેતના મારી અને શ્રીકૃષ્ણની એકરૂપ છે તેને તમે પામી શકતા નથી. કેટલું સ્પષ્ટ રીતે શ્રી અરવિંદ કહે છે ! જાણે કે શ્રી અરવિંદ અને અન્ય કોઈ 'ઇષ્ટ-દેવ' જુદા જ નથી. આપણી સૌની સારીય ભક્તિની નદી તો શ્રી અરવિંદસાગરમાં જઈ મળે છે. ભેદભાવ કે ભેદબુદ્ધિ તો આપણી પોતાની જ નબળાઈ છે.

❑

# 24

## Mother's Relations with *Krishna*
## (શ્રી માતાજી અને શ્રીકૃષ્ણનો દિવ્ય સંબંધ)

Krishna ... sometimes I walked with Him for hours in conversation. At night, when I was very tired from my work, He would come and sit on the edge of my bed, I would put my head on His shoulder and fall asleep. And it lasted for years and years and years, you know – not just once by chance. After that, I smiled.

– *Agenda,* Vol. 5, 4 January-1964, pp. 10

✳

જ્યારે શ્રીકૃષ્ણ સાથે કલાકો સુધી શ્રી માતાજી ચાલતાં ત્યારે વાતો કરતાં. શ્રી મા રાત્રિના સમયે આખા દિવસનાં કાર્ય અને દોડધામથી થાકી જતાં ત્યારે શ્રીકૃષ્ણ જ શ્રી મા પાસે આવતા, શ્રી માતાજીના પલંગ(bed)ની કિનારીએ બેસી જતા અને શ્રી માતાજી શ્રીકૃષ્ણના ખભા (shoulder) પર નિરાંતે પોતાનું મસ્તક રાખીને સૂઈ જતાં અને આ પ્રકારના દિવ્ય સંબંધની ઘટના તો વર્ષોવર્ષ બની. શ્રી માતાજી જ્યારે સવારે જાગતાં ત્યારે ખૂબ જ હળવાશ અનુભવતાં. શ્રી માતાજી દરેક વાર આ સમયે એક મધુર સ્મિત કરતાં. શ્રી મા અને શ્રીકૃષ્ણનો આ દિવ્ય સંબંધ હતો – ખૂબ જ સહજ, સરળ અને હૂંફાળો ! જાણે એ મા પોતાનાં બાળકોને શિખવાડતાં ન હોય કે દિવ્યતા સાથે,

પ્રભુ સાથે કેવી રીતે જીવંત અને સહજ સંબંધ રાખી શકાય, અને તે પણ છેક ભૌતિક સ્તર સુધી ! આપણે શ્રી માનાં બાળકો છીએ. તેમનાં પગલે જ ચાલીશું ને !

❑

# 25

## *Krishna* on 1st Anniversary of Supramental Manifestation (અતિમનસ આવિર્ભાવની પ્રથમ વર્ષગાંઠ)

...onthemorningofthe 29th, I had one of those experiences that mark one's life. It happened upstairs in my room. I was doing my *japa*, walking up and down with my eyes wide open, when suddenly *Krishna* came – a gold *Krishna*, all golden in a golden light that filled the whole room. I was walking, but I could not even see the windows or the rug any longer, for this golden light was everywhere with *Krishna* at its center. And it must have lasted at least fifteen minutes. He was dressed in those same clothes in which He is normally portrayed when He dances. He was all light, all dancing : 'You see, I will be there this evening during the *Darshan*. (The *Darshan* on February, 29, 1960, the first anniversary of the Supramental Manifestation).' And suddenly, the chair I use for *darshan* came into the room ! *Krishna* climbed up onto it and His eyes twinkled mischievously, as if to say, 'I will be there, you see, and there'll be no room for you.'

– *Agenda,* Vol. 1, 3 March-1960, pp. 238-239

✺

29 ફેબ્રુઆરી, 1956ના રોજ પ્લે-ગ્રાઉન્ડમાં સાંજના ધ્યાન દરમ્યાન અતિમનસ-આવિર્ભાવની ઘટના બનેલી. તેની પ્રથમ વર્ષગાંઠ (લીપ-યર હોવાથી, ચાર વર્ષે આવી) તારીખ 29-02-1960ના દિવસે શ્રી માતાજીને એક દર્શન અને અનુભૂતિ થયાં. આજે તો દર્શનદિવસ હતો. શ્રી મા આ સપરમા દિવસે સાંજે દર્શન આપવાનાં હતાં. તારીખ 29 ફેબ્રુઆરી, 1960ની સવારે શ્રી મા પોતાનો મંત્ર-જપ (ૐ નમો ભગવતે...) કરતાંકરતાં પોતાના ઉપરના રૂમમાં ચાલતાં હતાં ત્યારે અચાનક જ શ્રીકૃષ્ણ આવ્યા. તેઓ સુવર્ણમય હતા અને સારોય ખંડ એ સુવર્ણમય પ્રકાશથી છલોછલ ભરાઈ ગયો.

આ સુવર્ણમય પ્રકાશ એવો તો સઘન અને નક્કર હતો કે મા પોતાની બારીની બહાર શું છે તે જોઈ પણ શકતાં ન હતાં. અરે, પોતાની પથારીમાં પડેલું બ્લૅન્કેટ પણ દેખાતું ન હતું. સમગ્ર વાતાવરણ સુવર્ણપ્રકાશથી ભરપૂર હતું અને તે સુવર્ણપ્રકાશનું કેન્દ્ર તો શ્રીકૃષ્ણ જ હતા. શ્રીકૃષ્ણમાંથી જ એ સુવર્ણમય પ્રકાશ પ્રસરીને ચારે બાજુ ફેલાતો હતો. અને આ દિવ્ય દર્શન લગભગ 15 મિનિટ ચાલ્યું.

પોતે જ્યારે રાસ (dance) કરતા અને જે વસ્ત્રો પહેરતા તે જ વસ્ત્રો તેમણે પહેરેલાં હતાં. એઓ તો પૂર્ણપ્રકાશસ્વરૂપ હતા અને પોતાના નૃત્યમાં મગ્ન હતા અને પછી શ્રીકૃષ્ણ માતાજીને કહે છે : ''તમને ખ્યાલ છે કે આજે સાંજે દર્શનસમયે હું તમારી સાથે હોઈશ.'' અને શ્રી માતાજી જુએ છે કે દર્શન-સમયે જે ખુરશી પર બેસીને પોતે દર્શન-આશીર્વાદ આપતાં તે ખુરશી અચાનક જ રૂમમાં હાજર થઈ અને શ્રીકૃષ્ણ તો એ ખુરશી પર ચડી જ બેઠા અને પોતાની આંખો નટખટ રીતે પટપટાવતા બોલ્યા : ''હું તો ત્યાં હોઈશ જ અને તમારા માટે તો ખુરશી પર બેસવાની જગ્યા પણ નહીં રહે !''

આ છે શ્રીકૃષ્ણનું સાંનિધ્ય અને વચન કે છેક સિદ્ધિદિનથી અતિમનસ સુધી પોતે સાથે જ છે તેની ખાતરી. આપણે અગાઉ જોયું કે જે સફેદ ઝાંયવાળો બ્લૂ પ્રકાશ છે તે તો શ્રીકૃષ્ણનો પ્રકાશ છે (અને એને જ 'શ્રી અરવિંદનો પ્રકાશ' પણ કહેવામાં આવે છે), તે જ પ્રકાશ હવે 'સુવર્ણમય' બનીને શ્રીકૃષ્ણ દ્વારા વિસ્તરિત થાય છે, જગતમાં ફેલાવા માંડે છે. શ્રી માને આ ખાતરીરૂપ દર્શન થાય છે.

❑

## શ્રી અરવિંદ અને શ્રીકૃષ્ણની એકરૂપતા

... the concentration on Krishna is a self-offering to the ista-deva. If you reach Krishna you reach the Divine; if you can give yourself to him, you give yourself to me. Your inability to identify may be because you are laying too much stress on the physical aspects, consiously or unconsciously.

**Sri Aurobindo**

(CWSA, Vol. 35, Letters on Himself And Ashram, Pg. 431)

શ્રીકૃષ્ણનું ધ્યાન જ તમારાં 'ઇષ્ટ-દેવ'નું ધ્યાન છે તે એક જ યાદ રાખવાનું છે. જો તમે શ્રીકૃષ્ણને પામશો તો તમે 'દિવ્યતા'ને, પરમ-પ્રભુને પામશો. જો તમે તમારું 'અર્પણ' શ્રીકૃષ્ણને કરો છો તો માનજો કે મને જ કરી રહ્યા છો. તમે ફક્ત બાહ્ય સ્વરૂપને વળગીને આ વસ્તુઓ જુઓ છો એટલે આંતરિક ચેતના મારી અને શ્રીકૃષ્ણની એકરૂપ છે તેને તમે પામી શકતાં નથી.

**– શ્રી અરવિંદ**